રાજસ્થાનના લો-પ્રેશર અને બંગાળની સીસ્ટમની સંયુક્ત અસર

# ગુજરાતમાં આગામી સપ્તાહ સુધી વરસાદી માહોલની શક્યતા

**દક્ષિણ** ગુજરાતમાં 97 ટકા સુધી વરસાદ

ગાંધીનગર: ગુજરાતમાં ચોમાસું હજુ પણ સંપૂર્ણ સક્રિય છે. પશ્ચિમ રાજસ્થાન પર યથાવત રહેલા લો-પ્રેશર એરિયા અને ઉત્તર-પશ્ચિમ બંગાળની ખાડીમાં સર્જાયેલા ડિપ્રેશનની સંયુક્ત અસરના કારણે આગામી સપ્તાહ સુધી રાજ્યમાં વરસાદી માહોલ યથાવત્ રહેવાની આગાહી હવામાન વિભાગે કરી છે. 27 જુલાઈથી 2 ઓગસ્ટ દરમિયાન રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે, જ્યારે ઉત્તર ગુજરાત માટે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. બીજી તરફ રાજ્યમાં અત્યાર સુધી મોસમી સરેરાશ વરસાદ 489.84 મીમી એટલે કે સિઝનના 53.89 ટકા નોંધાયો છે. દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ 81.54 ટકા ઝોનલ વરસાદ નોંધાયો છે, જ્યારે વલસાડ અને નવસારી જિલ્લામાં અનુક્રમે 95.36 ટકા અને 97.78 ટકા મોસમી વરસાદ નોંધાતા બંને જિલ્લાઓ સિઝનના વરસાદમાં સૌથી આગળ રહ્યા છે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ પશ્ચિમ રાજસ્થાન પરનું લો-પ્રેશર એરિયા હજુ પણ સક્રિય છે અને તેની સાથે જોડાયેલું સાયક્લોનિક સર્ક્યુલેશન સમુદ્ર સપાટીથી 5.8 કિલોમીટર સુધી વિસ્તરેલું છે. બીજી તરફ ઉત્તર-પશ્ચિમ બંગાળની ખાડીમાં ઉત્તર ઓડિશા અને પશ્ચિમ બંગાળના દરિયાકાંઠા નજીક સર્જાયેલું ડિપ્રેશન આગામી 24 કલાકમાં વધુ મજબૂત બની ડીપ ડિપ્રેશનમાં પરિવર્તિત થઈ 27 જુલાઈ દરમિયાન પારાદીપ અને સાગર આઈલેન્ડ વચ્ચે દરિયાકિનારો પાર કરે તેવી શક્યતા છે. બંને સિસ્ટમ વચ્ચે સક્રિય માનસૂન ટ્રફ, પૂર્વ-પશ્ચિમ શિયર ઝોન અને દક્ષિણ-પશ્ચિમના ભેજયુક્ત પવનોને કારણે ગુજરાતમાં વરસાદી માહોલ યથાવત્ રહેવાની સંભાવના છે. 27 જુલાઈએ ઉત્તર ગુજરાતના તમામ જિલ્લાઓમાં અનેક સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે, જ્યારે દક્ષિણ ગુજરાત તથા સૌરાષ્ટ્ર-કચ્છમાં પણ અનેક વિસ્તારોમાં વરસાદી ઝાપટાં પડી શકે છે. 28થી 31 જુલાઈ દરમિયાન રાજ્યના વિવિધ વિસ્તારોમાં છૂટાછવાયા વરસાદની શક્યતા છે. ત્યારબાદ 1 અને 2 ઓગસ્ટે ફરી વરસાદી પ્રવૃત્તિમાં વધારો થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. આ સમગ્ર સમયગાળા દરમિયાન ઉત્તર ગુજરાત માટે વીજળીના કડાકા-ભડાકા તથા 30થી 40 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન સાથે વરસાદની શક્યતાને ધ્યાનમાં રાખીને યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

### રાજ્યના 13 ડેમ સંપૂર્ણ ભરાઇ ગયા

રાજ્યનાં જળાશયોમાં પણ વરસાદની અસર સ્પષ્ટ જોવા મળી રહી છે. સરદાર સરોવર નર્મદા ડેમમાં રવિવારે સાંજે 4 વાગ્યાની સ્થિતિએ 2,31,585 એમસીએફટી પાણીનો જથ્થો ઉપલબ્ધ હતો, જે ડેમની કુલ સંગ્રહ ક્ષમતાના 69.32 ટકા જેટલો છે. હાલમાં ડેમમાં 11,505 ક્યુસેક પાણીની આવક થઈ રહી છે, જ્યારે 615.38 ક્યુસેક પાણીની જાવક નોંધાઈ રહી છે. ડેમનું હાલનું જળસ્તર 421.29 ફૂટ નોંધાયું છે. સરદાર સરોવર સિવાય રાજ્યનાં અન્ય 206 જળાશયોમાં કુલ 2,52,424 એમસીએફટી પાણીનો સંગ્રહ થયો છે, જે તેમની કુલ ક્ષમતાના 45.25 ટકા જેટલો છે. રાજ્યમાં 13 ડેમ સંપૂર્ણ ભરાઈ ગયા છે, જ્યારે 26 ડેમ 70થી 100 ટકા, 27 ડેમ 50થી 70 ટકા, 56 ડેમ 25થી 50 ટકા અને 84 ડેમ હજુ 25 ટકાથી ઓછી ક્ષમતાએ ભરાયેલા છે. હાલમાં રાજ્યના 21 ડેમ હાઈ એલર્ટ, 5 ડેમ એલર્ટ અને 13 ડેમ વોર્નિંગ કેટેગરીમાં છે.

### 24 કલાકનો વરસાદ

| | |
|---|---|
| કપરાડા | 3.23 ઈંચ |
| ધરમપુર | 2.64 ઈંચ |
| વાંસદા | 2.24 ઈંચ |
| ખેરગામ | 2.20 ઈંચ |
| નાનાપોંઢા | 2.13 ઈંચ |
| ચીખલી | 1.97 ઈંચ |
| સુબીર | 1.81 ઈંચ |

NRIની ફરિયાદ પર સાયબર પોલીસ ટીમની ત્વરિત કાર્યવાહી

# સિડનીથી એક ઇ-મેઇલ આવ્યો અને અમરેલી પોલીસે પરત અપાવ્યા 11 લાખ

**સોનું** ખરીદવાના બહાને થયેલી છેતરપિંડીમાં ગુમાવેલી આખી રકમ થોડા જ દિવસોમાં પરત મળી; હજારો કિલોમીટર દૂર બેઠેલા ફરિયાદીએ ગુજરાત પોલીસની કામગીરીને બિરદાવી

ગાંધીનગરઃ ઓસ્ટ્રેલિયાના સિડનીમાં રહેતા એક બિનનિવાસી ભારતીય (NRI) દ્વારા માત્ર એક ઈ-મેઈલ મારફતે કરાયેલી ફરિયાદના આધારે અમરેલી સાયબર ક્રાઈમ પોલીસે ઝડપી કાર્યવાહી કરીને છેતરપિંડીમાં ગુમાવેલા 11 લાખ પરત અપાવ્યા છે. હજારો કિલોમીટર દૂર બેઠેલા ફરિયાદીને થોડા જ દિવસોમાં સંપૂર્ણ રકમ પરત મળતાં તેમણે ગુજરાત પોલીસની ઝડપી કામગીરી અને વ્યાવસાયિક અભિગમની પ્રશંસા કરી છે. રાજ્ય સરકાર દ્વારા સાયબર ફ્રોડના ભોગ બનેલા લોકોને તાત્કાલિક ન્યાય અપાવવા પર આપવામાં આવેલા ભાર વચ્ચે આ કેસ નોંધપાત્ર સફળતા તરીકે સામે આવ્યો છે.

મૂળ નવી દિલ્હીના રહેવાસી અને હાલ સિડનીમાં વસવાટ કરતા સૌરભ જોલીએ એપ્રિલ 2026 દરમિયાન અમરેલીના એક વ્યક્તિ પાસેથી સોનું ખરીદવા માટે 11 લાખ ટ્રાન્સફર કર્યા હતા. રકમ ચૂકવ્યા બાદ પણ સોનું ન મળતાં તેમણે જૂન મહિનામાં અમરેલી જિલ્લા પોલીસ વડાને ઈ-મેઈલ દ્વારા ફરિયાદ નોંધાવી હતી.

અમરેલી જિલ્લા પોલીસ વડા સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ સાયબર ક્રાઈમ ટીમે ફરિયાદ મળતાં જ તપાસ શરૂ કરી હતી. સંબંધિત બેંક સાથે સંકલન સાધવામાં આવ્યું, નાણાં મેળવનાર વ્યક્તિનો સંપર્ક કરવામાં આવ્યો અને સમગ્ર પ્રક્રિયા દરમિયાન ફરિયાદીને સતત માહિતી આપવામાં આવી હતી. પોલીસના સતત પ્રયાસોના પરિણામે આખરે ફરિયાદીને તેમના સંપૂર્ણ 11 લાખ પરત મળી ગયા હતા.

અમરેલી સાયબર ક્રાઈમ પોલીસ ઈન્સ્પેક્ટર કમલેશ ખટાણાએ જણાવ્યું હતું કે, તપાસ દરમિયાન નાણાં મેળવનાર વ્યક્તિ સાથે વાતચીત કરી રકમ પરત આપવા સમજાવવામાં આવ્યું હતું. અંતે તેણે સંપૂર્ણ રકમ ફરિયાદીને પરત કરી હતી.

# સુરત શહેર-જિલ્લામાં વરસાદનો વિરામ

**ઉકાઈ** ડેમમાં 11 હજાર ક્યુસેક પાણીની આવક યથાવત્

સુરત : સુરત શહેર અને જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી વરસી રહેલા વરસાદ બાદ રવિવારે વાતાવરણમાં નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો હતો. સમગ્ર દિવસ દરમિયાન શહેર અને જિલ્લાના કોઈપણ વિસ્તારમાં નોંધપાત્ર વરસાદ નોંધાયો નહોતો. કેટલાક વિસ્તારોમાં છૂટાછવાયા હળવા વરસાદી ઝાપટાં પડ્યા હોવા છતાં જિલ્લા ડિઝાસ્ટર કંટ્રોલ રૂમના ચોપડે ક્યાંય વરસાદની સત્તાવાર નોંધ થઈ નહોતી.

વરસાદના વિરામને કારણે શહેરમાં જનજીવન પણ સામાન્ય બન્યું હતું. બીજી તરફ, સુરતની જીવાદોરી સમાન ઉકાઈ ડેમના ઉપરવાસમાં પણ વરસાદી ગતિવિધિમાં ઘટાડો નોંધાયો હતો. ઉપરવાસના મોટાભાગના વરસાદ માપન કેન્દ્રોમાં વરસાદ નોંધાયો નહોતો. જોકે ચિકલધરા ખાતે 21 મીમી અને શીરપુર ખાતે 13 મીમી વરસાદ નોંધાયો હતો. ઉપરવાસમાં વરસાદ ઘટતા છતાં ઉકાઈ ડેમમાં હાલમાં 11,000 ક્યુસેક પાણીની આવક ચાલુ રહી છે. ડેમની જળસપાટી વધીને 315.90 ફૂટે પહોંચી છે, જેના કારણે હાલ જળસંગ્રહની સ્થિતિ સંતોષજનક હોવાનું માનવામાં આવે છે. વરસાદના વિરામની સીધી અસર તાપમાન પર પણ જોવા મળી હતી. સુરત શહેરમાં મહત્તમ તાપમાન આશરે બે ડિગ્રીનો વધારો નોંધાવી 31.7 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું હતું, જ્યારે લઘુત્તમ તાપમાન પણ લગભગ એક ડિગ્રી વધીને 25.8 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

હવામાં ભેજનું પ્રમાણ 88 ટકા રહ્યું હતું અને દક્ષિણ-પશ્ચિમ દિશામાંથી પ્રતિ કલાક 8 કિલોમીટરની ઝડપે પવન ફૂંકાતો રહ્યો હતો. હવામાનમાં આવેલા આ ફેરફારને કારણે દિવસ દરમિયાન ભેજનું પ્રમાણ વધુ રહેતાં ગરમી અને ઉકળાટનો અનુભવ થયો હતો.

# CBSE ધોરણ 12ની પૂરક પરીક્ષાનું સમયપત્રક જાહેર

**29 જુલાઈથી** 4 ઓગસ્ટ સુધી પ્રેક્ટિકલ પરીક્ષા, 27 જુલાઈ સુધી કેન્દ્રની માહિતી મેળવી લેવા CBSEની વિદ્યાર્થીઓને સૂચના

સુરતઃ ધોરણ-12ની પૂરક પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓ માટે કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ (CBSE)એ પ્રેક્ટિકલ પરીક્ષાનું સમયપત્રક જાહેર કર્યું છે. બોર્ડ દ્વારા જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ 28 જુલાઈએ પૂરક થીયરી પરીક્ષા યોજાશે, જ્યારે 29 જુલાઈથી 4 ઓગસ્ટ દરમિયાન વિવિધ પ્રવાહોની પ્રેક્ટિકલ પરીક્ષાઓ લેવામાં આવશે.

દેશભરમાં અંદાજે 2.5 લાખથી વધુ વિદ્યાર્થીઓ આ પૂરક પરીક્ષામાં ભાગ લેશે. બોર્ડે સ્પષ્ટ કર્યું છે કે આ કાર્યક્રમ RP (રીપીટ પ્રેક્ટિકલ) અને RB (રીપીટ થીયરી તથા પ્રેક્ટિકલ બંને) કેટેગરીના વિદ્યાર્થીઓ માટે લાગુ પડશે. નિયમિત વિદ્યાર્થીઓની પ્રેક્ટિકલ પરીક્ષા તેમની જ શાળામાં યોજાશે, જ્યારે ખાનગી ઉમેદવારો માટે બોર્ડ દ્વારા નિર્ધારિત પરીક્ષા કેન્દ્ર પર પરીક્ષા લેવામાં આવશે. તમામ વિદ્યાર્થીઓને 27 જુલાઈ સુધી પોતાની શાળા અથવા ફાળવાયેલા પરીક્ષા કેન્દ્રનો સંપર્ક કરીને પરીક્ષાનો સમય, સ્થળ અને અન્ય જરૂરી વિગતો જાણી લેવા સૂચના આપવામાં આવી છે.

CBSEએ પરીક્ષા દરમિયાન એડમિટ કાર્ડ સાથે માર્કશીટ અથવા પરિણામની નકલ ફરજિયાત સાથે રાખવા પણ જણાવ્યું છે, જેથી પરીક્ષા પ્રક્રિયામાં કોઈ મુશ્કેલી ન સર્જાય. વિદ્યાર્થીઓને સમયસર પરીક્ષા કેન્દ્ર પર હાજર રહેવા અને બોર્ડના તમામ નિયમોનું પાલન કરવા પણ અનુરોધ કરવામાં આવ્યો છે.

# અમદાવાદ-વિરમગામ ટ્રેક પર પાણી ભરાતા ૩ ટ્રેન ડાયવર્ટ

**ટ્રેક** સાફ થતાંની સાથે જ ટ્રેન વ્યવહાર પૂર્વવત કરવા માટે યુદ્ધના ધોરણે કામગીરી શરૂ

સુરતઃ અમદાવાદ ડિવિઝનના અમદાવાદ-વિરમગામ રેલવે સેક્શનમાં આવેલા છારોડી અને વિરમગામ સ્ટેશનો વચ્ચે રેલવે ટ્રેક પર ભારે જળભરાવ થવાના કારણે રવિવારે ટ્રેન વ્યવહાર ખોરવાયો છે, જેના પગલે પશ્ચિમ રેલવે દ્વારા સુરતથી ઓપરેટ થતી ત્રણ મહત્ત્વની ટ્રેનોના રૂટ ડાયવર્ટ કરવામાં આવ્યા છે. રેલવે પ્રશાસને મુસાફરોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ રૂટ ડાયવર્ઝન ઉપરાંત કેટલીક લાંબા અંતરની ટ્રેનોને આંશિક રીતે અને વિરમગામ-મહેસાણા સેક્શનની ચાર પેસેન્જર ટ્રેનોને ૨૭ જુલાઈના રોજ સંપૂર્ણપણે રદ્દ કરવાનો નિર્ણય લીધો છે.

આ ફેરફાર હેઠળ ૨૬ જુલાઈના રોજ સુરતથી ઉપડનારી 19256 સુરત-મહુવા એક્સપ્રેસ તેના નિયમિત માર્ગના બદલે અમદાવાદ-ગાંધીગ્રામ- બોટાદ થઈને ચલાવવામાં આવી રહી છે, જ્યારે વળતી દિશામાં 19256 મહુવા-સુરત એક્સપ્રેસ પણ આ જ બદલાયેલા બોટાદ-ગાંધીગ્રામ-અમદાવાદ રૂટ પરથી પસાર થશે. આ સાથે જ ભાવનગરથી મુંબઈ જતી 12972 ભાવનગર ટર્મિનસ-બાંદ્રા ટર્મિનસ એક્સપ્રેસ ટ્રેનને પણ ડાયવર્ટ કરાયેલા માર્ગ પરથી દોડાવવામાં આવી રહી છે.

બીજી તરફ, 26 જુલાઈની 20936 ઈન્દોર-ગાંધીધામ એક્સપ્રેસ અને 27 જુલાઈની 20936 ગાંધીધામ-ઈન્દોર એક્સપ્રેસ ગાંધીધામ અને અમદાવાદ વચ્ચે આંશિક રીતે રદ્દ રહેશે. હાલ રેલવેના ઉચ્ચ અધિકારીઓ પાણીના સ્તર પર સતત દેખરેખ રાખી રહ્યા છે અને ટ્રેક સાફ થતાંની સાથે જ ટ્રેન વ્યવહાર પૂર્વવત કરવા માટે યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરવામાં આવી છે.

# અમેરિકાના 10% ટેરિફથી જેમ્સ એન્ડ જ્વેલરી ઉદ્યોગ પર સંકટના વાદળ

**IBJA** ગુજરાતની ચિંતાઃ નિકાસ, રોજગાર અને MSME ક્ષેત્રને અસરની આશંકા

**કેન્દ્ર** સરકારને અમેરિકા સાથે તાત્કાલિક વેપાર ચર્ચાની IBJA ની અપીલ

સુરતઃ અમેરિકા દ્વારા સેક્શન 301 હેઠળ ભારતમાંથી આયાત થતી વિવિધ વસ્તુઓ પર સૂચિત 10 ટકા વધારાના ટેરિફની જાહેરાત બાદ દેશના જેમ્સ એન્ડ જ્વેલરી (રત્ન અને જ્વેલરી) ઉદ્યોગમાં ચિંતાનો માહોલ સર્જાયો છે. ઈન્ડિયન બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) ગુજરાતે આ નિર્ણયને ભારતીય નિકાસકારો માટે પડકારરૂપ ગણાવી કેન્દ્ર સરકારને અમેરિકા સાથે તાત્કાલિક દ્વિપક્ષીય વેપાર ચર્ચા શરૂ કરીને ઉદ્યોગને રાહત અપાવવા હસ્તક્ષેપ કરવાની માંગ કરી છે.

IBJA ગુજરાતના સ્ટેટ પ્રેસિડેન્ટ નૈનેશ પચ્ચીગરે જણાવ્યું હતું કે અમેરિકાના બજારમાં ભારતીય રત્ન અને જ્વેલરીની નોંધપાત્ર માંગ છે. પરંતુ 10 ટકા વધારાના ટેરિફના અમલથી ભારતીય ઉત્પાદનોની કિંમત વધશે, જેના કારણે અમેરિકન બજારમાં ભારતીય જ્વેલરીની સ્પર્ધાત્મકતા ઘટી શકે છે. આ સ્થિતિ નિકાસકારોના નફાના માર્જિન પર સીધી અસર કરશે અને નિકાસ વૃદ્ધિની ગતિ ધીમી પડી શકે છે.

તેમણે જણાવ્યું હતું કે રત્ન અને જ્વેલરી ઉદ્યોગ દેશના સૌથી મોટા રોજગારદાતા ક્ષેત્રોમાંનો એક છે. લાખો કારીગરો, હીરા પોલિશિંગ યુનિટો, જ્વેલરી ઉત્પાદકો અને MSME એકમો આ ઉદ્યોગ સાથે જોડાયેલા છે. ઉપરાંત આ ક્ષેત્ર દેશને મોટા પ્રમાણમાં વિદેશી હૂંડિયામણ પણ અપાવે છે. આવી સ્થિતિમાં અમેરિકાનું આ પગલું સમગ્ર ઉદ્યોગ માટે ચિંતાજનક સાબિત થઈ શકે છે.

નૈનેશ પચ્ચીગરે વધુમાં જણાવ્યું હતું કે ભારતે તાજેતરમાં યુનાઈટેડ કિંગડમ (યુકે) સહિત અનેક દેશો સાથે મુક્ત વેપાર કરારો (FTA) કરીને નિકાસ વધારવા મહત્વપૂર્ણ પહેલ કરી છે. આવા સમયે અમેરિકાના વધારાના ટેરિફથી ભારતીય રત્ન અને જ્વેલરી ઉદ્યોગને મળનારી નવી તકો પર અસર પડી શકે છે અને વૈશ્વિક બજારમાં ભારતની સ્પર્ધાત્મકતા પર પણ પ્રશ્ન ઊભો થઈ શકે છે.

IBJA ગુજરાતે કેન્દ્ર સરકારને અપીલ કરી છે કે અમેરિકા સાથે તાત્કાલિક વેપાર સ્તરની ચર્ચા હાથ ધરી ટેરિફ મુદ્દે હકારાત્મક ઉકેલ લાવવામાં આવે તેમજ ભારતીય રત્ન અને જ્વેલરી ઉદ્યોગને જરૂરી રાહત અથવા છૂટછાટ અપાવવા માટે પ્રયાસો કરવામાં આવે.

તેમણે વધુમાં ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારતીય જ્વેલરી ઉદ્યોગની વૈશ્વિક સ્પર્ધાત્મકતા જાળવવી અત્યંત જરૂરી છે. તે માત્ર લાખો લોકોના રોજગારના રક્ષણ માટે જ નહીં, પરંતુ MSME ક્ષેત્રને વધુ મજબૂત બનાવવા અને વિશ્વસનીય વૈશ્વિક સપ્લાયર તરીકે ભારતની પ્રતિષ્ઠા જાળવી રાખવા માટે પણ અનિવાર્ય છે.

# રેલવેના અધિકારીઓનું સુરત સ્ટેશન ઉપર સરપ્રાઈઝ ચેકિંગ

**ફૂડ** ક્વોલિટી બાબતે અપાયા કડક આદેશો

**પાર્સલ** ટ્રાફિક વધારવા અને સ્વચ્છતાના સર્વોચ્ચ ધોરણો જાળવવા સૂચના આપી

સુરત : પશ્ચિમ રેલવેના પ્રિન્સિપલ ચીફ કોમર્શિયલ મેનેજર (PCCM) તરુણ જૈને આજે સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર (Senior DCM) આદિશ પઠાનિયા સાથે સુરત રેલવે સ્ટેશનની ઓચિંતી મુલાકાત લઈ વ્યાપક નિરીક્ષણ કર્યું હતું. આ ઉચ્ચ સ્તરીય તપાસનો મુખ્ય હેતુ સ્ટેશન પર મુસાફરોની સુવિધાઓ, કોમર્શિયલ પ્રવૃત્તિઓ અને રેલવેના સર્વિસ સ્ટાન્ડર્ડની સમીક્ષા કરવાનો હતો. અધિકારીઓએ સ્ટેશનના વિવિધ સંવેદનશીલ વિભાગોની રૂબરૂ મુલાકાત લઈને વ્યવસ્થાઓની આકરી ચકાસણી કરી હતી.

નિરીક્ષણ દરમિયાન તરુણ જૈને સૌપ્રથમ પેસેન્જર હોલ્ડિંગ એરિયાની મુલાકાત લીધી હતી. તેમણે મુસાફરો માટે ઉપલબ્ધ તમામ સગવડોનું બારીકાઈથી મૂલ્યાંકન કર્યું હતું અને રેલવે પ્રવાસીઓને શ્રેષ્ઠ તેમજ સુખદ અનુભવ મળે તે માટે સ્ટેશન પરિસરમાં ઉચ્ચ સ્તરની સ્વચ્છતા, આરામ અને સુવિધાઓ જાળવી રાખવા પર વિશેષ ભાર મૂક્યો હતો. ત્યારબાદ તેમણે પાર્સલ ઓફિસની પણ મુલાકાત લીધી હતી, જ્યાં તેમણે પાર્સલ હેન્ડલિંગ અને લોડિંગ-અનલોડિંગની કામગીરીની સમીક્ષા કરી હતી. તેમણે ગ્રાહક સેવામાં સુધારો કરીને, ઓપરેશન પ્રક્રિયાને સરળ બનાવીને અને વ્યવસાયની નવી તકો શોધીને પાર્સલ ટ્રાફિક વધારવા માટે સ્થાનિક અધિકારીઓને પ્રોએક્ટિવ પગલાં લેવા આદેશ આપ્યા હતા. આ ઉપરાંત, રેલવે સ્ટેશન પર ચાલતા વિવિધ કેટરિંગ યુનિટ્સ અને ફૂડ સ્ટોલ્સની પણ ઉચ્ચ અધિકારીઓ દ્વારા કડક તપાસ કરવામાં આવી હતી. તેમણે સ્ટોલ્સ પર પીરસવામાં આવતા ખોરાકની ગુણવત્તા, સ્વચ્છતાના ધોરણો અને એકંદર સર્વિસ ડિલિવરીનું મૂલ્યાંકન કર્યું હતું. પ્રવાસીઓનો સંતોષ એ જ રેલવેની મુખ્ય પ્રાથમિકતા હોવાનું જણાવીને, તેમણે સંબંધિત અધિકારીઓ અને કેટરિંગ લાયસન્સ ધારકોને ખોરાકની ગુણવત્તામાં હજુ વધુ સુધારો કરવા, સ્વચ્છતાના સર્વોચ્ચ ધોરણો જાળવવા અને મુસાફરોને ઝડપી તથા સંતોષકારક સેવાઓ પૂરી પાડવા માટે કડક સૂચનાઓ આપી હતી.

# રાજ્યમાં મફત પ્લોટ સમતળ કરવાની સહાયમાં ચારથી પાંચ ગણો વધારો

**સીએમ** ભુપેન્દ્ર પટેલનો મહત્ત્વનો નિર્ણય; પ્લોટ દીઠ સહાય રૂ.1,000થી વધારી રૂ.5,000, હેક્ટર દીઠ જમીન વિકાસ સહાય હવે રૂ.2 લાખ

ગાંધીનગરઃ રાજ્ય સરકારે ગ્રામ્ય વિસ્તારોના ઘરવિહોણા પરિવારોને પોતાનું પાકું ઘર બનાવવામાં વધુ આર્થિક સહારો મળે તે માટે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. રાજ્ય સરકારે મફત રહેણાંક પ્લોટ સમતળ કરવા માટે મળતી સહાયમાં ચારથી પાંચ ગણો વધારો જાહેર કર્યો છે. હવે લાભાર્થીને પ્લોટ દીઠ મળતી સહાય રૂ.1,000ના બદલે રૂ.5,000 મળશે, જ્યારે ગામતળમાં રહેણાંક માટેની અસમતળ જમીન સમતળ કરવા માટે હેક્ટર દીઠ સહાય રૂ.50 હજારથી વધારીને સીધી રૂ.2 લાખ કરવામાં આવી છે. સરકારના આ નિર્ણયથી ગ્રામ્ય આવાસ વિકાસને નવી ગતિ મળશે અને ઘરવિહોણા પરિવારોનું પોતાના ઘરનું સ્વપ્ન વધુ ઝડપથી સાકાર થશે.

પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગે 17 જુલાઈ, 2026ના ઠરાવ દ્વારા અગાઉની જોગવાઈમાં સુધારો કરીને આ સહાય વધારી છે. રાજ્ય સરકાર વર્ષોથી ગ્રામ્ય વિસ્તારોના ઘરવિહોણા પરિવારોને 100 ચોરસ વારના મફત રહેણાંક પ્લોટ ફાળવવાની યોજના અમલમાં મૂકી રહી છે. અનેક ગામોમાં પ્લોટ માટે ફાળવવામાં આવતી જમીન ખાડા-ટેકરાવાળી અથવા અસમતળ હોવાથી લાભાર્થીઓને મકાન બાંધવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો.

નવી જોગવાઈ અનુસાર હવે પ્લોટ સમતળ કરવા માટેની વ્યક્તિગત સહાય પાંચ ગણી વધારવામાં આવી છે, જ્યારે ગામતળમાં જમીન વિકાસ માટેની સહાય ચાર ગણી કરવામાં આવી છે. પરિણામે લાભાર્થીઓનો પ્રારંભિક ખર્ચ ઘટશે અને મકાન બાંધકામનું કામ ઝડપથી શરૂ કરી શકાશે.

રાજ્ય સરકારના જણાવ્યા મુજબ આ નિર્ણય વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'સૌને ઘર' વિઝનને વધુ મજબૂત બનાવે છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના ગ્રામ્ય વિકાસ અને અંત્યોદય કેન્દ્રિત અભિગમ હેઠળ લેવાયેલા આ નિર્ણયથી ગામોના આયોજનબદ્ધ વિકાસને વેગ મળશે, રહેણાંક સુવિધાઓ વધુ મજબૂત બનશે અને આર્થિક રીતે નબળા વર્ગના પરિવારોને સન્માનજનક આવાસ ઉપલબ્ધ કરાવવાનો રાજ્ય સરકારનો સંકલ્પ વધુ અસરકારક બનશે.

# ભેસાણ રોડ ઉપર કેમિકલ ભરેલું કન્ટેનર પલટી ગયું

**કેમિકલ** જ્વલનશીલ હોવાથી 6 કલાકની કામગીરી કરવી પડી

સુરતઃ ઓલપાડ-ભેસાણ રોડ પર શનિવારે મોડી રાત્રે હાઈડ્રોજન પેરોક્સાઈડ કેમિકલથી ભરેલું કન્ટેનર પલટી ગયું હતું.

પાલનપુર ફાયર સ્ટેશનના સબ ફાયર ઓફિસર ધવલ મોહિતેએ જણાવ્યું હતું કે અકસ્માત બાદ કન્ટેનર રસ્તાની એક બાજુ માટીમાં ખૂપી ગયું હતું, જેના કારણે તેને સીધું કરવાનું કામ અત્યંત મુશ્કેલ બન્યું હતું. દરમિયાન કન્ટેનરમાંથી હાઈડ્રોજન પેરોક્સાઈડ કેમિકલનો સતત રિસાવ થઈ રહ્યો હતો. આ કેમિકલના સંપર્કમાં અન્ય કોઈ જ્વલનશીલ વસ્તુ આવે તો તરત આગ લાગી શકે તેવી સંભાવના રહેતી હોવાથી સમગ્ર કામગીરી દરમિયાન વિશેષ તકેદારી રાખવામાં આવી હતી.ફાયર બ્રિગેડે સૌપ્રથમ રિસાવ પર નિયંત્રણ મેળવવા માટે સતત પાણીનો મારો ચલાવ્યો હતો. સુરક્ષાના ભાગરૂપે ફાયર બ્રિગેડની વધુ એક ટીમને સ્ટેન્ડબાય રાખવામાં આવી હતી જેથી કોઈપણ અનિચ્છનીય પરિસ્થિતિ સર્જાય તો તાત્કાલિક કાર્યવાહી કરી શકાય. ત્યારબાદ બે ક્રેનની મદદથી પલટી ગયેલા કન્ટેનરને સાવધાનીપૂર્વક સીધું કરી બહાર કાઢવામાં આવ્યું હતું.

## અનુસંધાન ... પાના છેલ્લાનું

### જુલાઇમાં જ...

રહ્યું છે, જ્યારે સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં હજુ વરસાદની રાહ જોવાઈ રહી છે. આગામી દિવસોમાં સારા વરસાદની આગાહીને પગલે રાજ્યની સરેરાશ વરસાદની ટકાવારીમાં વધુ વધારો થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.

### નર્મદા

| | |
|---|---|
| ચીખદા | 23.161 |
| દેડિયાપાડા | 24.36 |
| ગરુડેશ્વર | 11.24 |
| નાંદોદ | 18.16 |
| સાગબારા | 26.92 |
| તિલકવાડા | 11.60 |

### પાલિકાની ડીસ્પોઝલ...

છે. પરંતુ પ્રોજેક્ટ આગળ વધવાની સાથે જ તેની જગ્યાની પસંદગી સામે ગંભીર પ્રશ્નો ઉભા થયા છે. આસપાસના ગામોના લોકોનો આક્ષેપ છે કે કુદરતી જળનિકાલના માર્ગ પર જ ડમ્પસાઈટ ઉભી કરવામાં આવતાં સતત બીજા વર્ષે હજારો પરિવારો પાણીમાં ફસાયા છે. હાલ પણ ઉબેર ગામમાં અંદાજે આઠથી દસ ફૂટ સુધી પાણી ભરાયેલું છે. સ્થાનિકોનો દાવો છે કે પાલી, તલંગપુર, ઉબેર, કનસાડ અને આસપાસના વિસ્તારોનું વરસાદી પાણી વર્ષોથી કુદરતી વહેણ મારફતે નીકળી જતું હતું, પરંતુ ડમ્પસાઈટના વિકાસ બાદ પાણીનો નિકાલ અવરોધાયો છે. પરિણામે માત્ર વરસાદી પાણી જ નહીં, ગટર લાઈનો પણ બેક મારતી હોવાથી ગંદુ પાણી ગામોમાં ફરી વળે છે અને લોકોના ઘરોમાં ઘૂસી જાય છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ આ પરિસ્થિતિથી બે લાખથી વધુ લોકો સીધી અસર હેઠળ આવ્યા છે. બીજી તરફ હાલ શેરડી અને ડાંગરના ઉભા પાક પાણીમાં ગરકાવ થતાં ખેડૂતોને ભારે આર્થિક નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે. ઉબેર અને આસપાસના ગામોમાં પશુપાલન મુખ્ય વ્યવસાય હોવાથી પશુઓના ચારા, રહેઠાણ અને આરોગ્ય પર પણ ગંભીર અસર પડી છે. લોકોનો વધુ એક ગંભીર આક્ષેપ છે કે જ્યાં ડમ્પસાઈટ ઉભી કરવામાં આવી રહી છે તે વિસ્તાર પોતે જ નીચાણવાળો છે. ચોમાસામાં અહીં 20 ફૂટથી વધુ પાણી ભરાઈ જતું હોવા છતાં આવી જગ્યાએ કરોડો રૂપિયાનો પ્રોજેક્ટ ઉભો કરવાનો નિર્ણય કેટલો વ્યવહારુ છે તે અંગે હવે સવાલો ઉઠી રહ્યા છે. તાજેતરના પૂર દરમિયાન તો ડમ્પસાઈટ પર માત્ર પતરાં જ દેખાતા હતા અને સમગ્ર વિસ્તાર પાણીમાં ગરકાવ થઈ ગયો હતો.ગ્રામજનોનું કહેવું છે કે શહેરનો કચરો ઠાલવવા માટે ગામોના અસ્તિત્વ સાથે ચેડાં કરવામાં આવી રહ્યા છે. જો સમયસર જળનિકાલ માટે કાયમી વ્યવસ્થા નહીં કરવામાં આવે તો દર વર્ષે ગામો, ખેતી અને પશુપાલનને આવી જ આફતનો સામનો કરવો પડશે. અસરગ્રસ્ત ગ્રામજનોએ સમગ્ર પ્રોજેક્ટનું પુનર્મૂલ્યાંકન કરીને કુદરતી જળમાર્ગો તાત્કાલિક પુનઃસ્થાપિત કરવાની માંગ ઉઠાવી છે.

### ડેડિયાપાડામાં તણાઈ...

25 જુલાઈના રોજ સાંજે આશરે 5 વાગ્યે બાવા ફળિયા પાસેથી પસાર થતી સેના ખાડીમાં સાઈકલસવાર એક વ્યક્તિ તણાઈ જવાની જાણ સ્થાનિકોએ વહીવટી તંત્રને કરી હતી. ઘટનાની જાણ થતાં જ તાલુકા વહીવટી તંત્ર દ્વારા એસડીઆરએફ ગ્રુપ-7 (નડિયાદ), ખેડા પ્લાટૂન નંબર-2ને તાત્કાલિક સ્થળ પર મોકલી રેસ્ક્યૂ અને સર્ચ ઓપરેશન શરૂ કરાયું હતું. રવિવારે સવારે ફરી સર્ચ ઓપરેશન હાથ ધરતાં સવારે ખાડીમાંથી મૃતદેહ મળી આવ્યો હતો. મૃતકની ઓળખ 57 વર્ષીય બાબુભાઈ ગોવિંદભાઈ તરીકે થઈ હતી. તેઓ ઓલપાડ ખાતે દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ (DGVCL) માં સિનિયર આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા હતા. એસડીઆરએફની ટીમે મૃતદેહને ઓલપાડ પોલીસને સોંપ્યો હતો. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી અકસ્માતના કારણો અંગે વધુ તપાસ શરૂ કરી છે.

જ્યારે બીજી ઘટનામાં વડવા ગામની ત્રણ વર્ષની માસૂમ બાળકી પ્રિયલકુમારી ગણેશભાઈ વસાવા ઘરેથી દુકાને જતી હતી ત્યારે ઘર પાસે આવેલા કોતરના નાળા પરથી પસાર થઈ રહી હતી. ઉપરવાસમાં ભારે વરસાદને કારણે નાળામાં અચાનક પાણીનો પ્રવાહ વધી ગયો, જેમાં નાનકડી પ્રિયલ તણાઈ ગઈ હતી. આ અંગે બાળકીના પિતાએ ડેડિયાપાડા પોલીસ મથકે જાણ કરી હતી.

### સારોલી-કુંભારિયામાં...

મૃતદેહ મળી આવ્યો હતો. છેલ્લા ચાર દિવસમાં વરસાદી પાણીમાં ડૂબી જવાથી પાંચ લોકોનાં મોત થતાં ચિંતાનો માહોલ સર્જાયો છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, સણિયા-કણદે ખાતે આવેલા મંદિર ફળિયામાં રહેતા શનિભાઈ બાબુભાઈ રાઠોડ (ઉ.વ. 39) સારોલી-કુંભારિયા ગામમાં આવેલી સંદીપભાઈની વાડીમાં મજૂરી કામ કરી બે સંતાન સહિતના પરિવારનું ગુજરાન ચલાવતા હતા. શનિવારે સવારે આશરે 8:30 વાગ્યે તેઓ ઘરેથી કામ પર જવા નીકળ્યા હતા. રસ્તામાં વરસાદી પાણીના પ્રવાહમાં ડૂબી જતાં તેઓ લાપતા બન્યા હતા.

મોડી સાંજ સુધી ઘરે પરત ન ફરતાં પરિવારજનોએ તેમની શોધખોળ શરૂ કરી હતી. દરમિયાન રવિવારે સવારે આશરે 7:30 વાગ્યે કુંભારિયા ગામની ખાડી કિનારે કાદવ-કીચડમાં તેમની લાશ મળી આવી હતી. ઘટનાની વધુ તપાસ સારોલી પોલીસ કરી રહી છે.

### સુરતમાં હવે...

અને સ્થાનિકોનો છુપો આક્રોશ સ્પષ્ટપણે છતો થાય છે. પાણી ઓસરશે ત્યારે ઓસરશે, પણ હાલ તો 60 રૂપિયાનું દોરડું સુરતીઓની લાખોની કારનું રોકડાનું રક્ષણ કરી રહ્યું છે.


ફક્ત રૂ. ૮૦/- થી શરૂ
ફુલ એક્શન, જોરદાર એક્શન


જન નેતા
થલાપતિ વિજય, બોબી દેઓલ, પૂજા હેંગડે, પ્રકાશ રાજ
૧૨.૦૦, ૩.૧૫, ૬.૩૦, રાત્રે : ૯.૪૫
કોમેડીનું હુલ્લડ


ધમાલ -4
અજય દેવગન, રિતેશ દેશમુખ, સંજય મિશ્રા
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે : ૯.૩૦
RUPAM CINEMA
એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.

RAJHANS
ગોપીતળાવ નવસારી બજાર, સુરત


ધમાલ - 4
૧૨.૧૫, ૩.૦૦, ૬.૦૦
રાત્રે : ૯.૦૦, ૧૦.૦૦
જન નેતા
૧૨.૦૦, ૩.૧૫, ૬.૩૦,
રાત્રે : ૧૦.૧૫

APPLE CINEMA
ફ્રી માળ, એકઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત.
★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર
☎: 99984 46007
Book Tickets Now from : bookmyshow.com paytm
@applecinemasurat
ઓલપાડ બસ ડેપોમાં હવેથી એપલ (મલ્ટીપ્લેક્ષ) ની સિનેમાની ટીકીટો બુકીંગ માટે ઓફિસ ખોલવામાં આવી છે.
ધમાલ-4 — ૯.૦૦, ૧૦.૩૦, ૧૨.૨૦, ૨.૨૦, ૩.૦૦, ૩.૩૫, ૬.૨૦, ૭.૦૦, ૭.૪૦, રાત્રે: ૯.૦૦, ૯.૩૫, ૧૦.૨૦, ૧૧.૦૦
જન નેતા — ૯.૦૦, ૧૧.૪૦, ૧૨.૨૦, ૩.૦૦, ૬.૧૫, રાત્રે: ૯.૩૦, ૧૦.૩૦
લાયક નાલાયક (ગુજરાતી) ૯.૦૫, ૧.૧૦, ૦૫.૨૦
દુલ્હનીયા લે આયેગી (હિન્દી) ૧૨.૨૦, ૫.૨૦ રાત્રે: ૮.૧૫
તેરા યાર હું મેં (હિન્દી) ૯.૨૦, ૨.૪૦, રાત્રે: ૮.૨૦, ૧૦.૨૦
The Odyssey (હિન્દી) ૯.૦૦, ૭.૧૦ રાત્રે: ૯.૩૦
આલ્ફા ૯.૪૦, ૧૨.૦૦, ૨.૪૦, ૪.૧૦
Evil Dead Burn (હિન્દી) ૧૨.૧૦, ૫.૦૦
કાનો ગુજરાતીઃ ૧૨.૦૦
ઉત્તર દા પુત્તર (હિન્દી) ૫.૦૦
વેલકમ ટુ ધ જંગલ ૯.૨૦, ૨.૦૦
મેક્ષ, મીન એન્ડ મીયોઝીકા (હિન્દી) ૫.૩૫
મેં તો પાલડે બાંધી પ્રિત (ગુજરાતી) ૬.૫૦